ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૪૫ ટકા

ગાંધીનગર તાપમાન

ગાડીના કાચ તોડી ગઠીયાઓ રૂપિયા ભરેલું પર્સ ઉઠાવી ગયા

હોટલ માલિક સે-૨૧માં ખરીદી કરવા ગયા ને ૨૦ મીનીટમાં ગઠીયાઓ કળા કરી ગયા

ગાંધીનગર, તા.૨૩

શહેરના સેકટર-૨૧ શાકમાર્કેટ પાસે ગાડી પાર્ક કરીને એક હોટલ માલિક ખરીદી કરવા માર્કેટમાં ગયા હતા. ૨૦ મીનીટમાં ખરીદી કરીને તેઓ પરત ફર્યા ત્યાં સુધીમાં તેમની ગાડીને ગઠીયાઓએ ટાર્ગેટ બનાવી લીધી હતી. ગાડીના કાચ તોડીને અંદર પડેલું રૂપિયા ભરેલું પર્સ ઉઠાવી લઈ ગઠીયા ભરચક વિસ્તારમાંથી આસાનીથી સરકી ગયા હતા. આ મામલે રૂ. ૫ હજાર ભરેલા પર્સની ચોરી અંગે હોટલ માલિકની ફરિયાદ લઈ સે-૨૧ પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૨૩ ખાતે પ્લોટ નં. ૩૩૨ ખાતે રહેતા જનકભાઈ શિવલાલભાઈ પટેલ ગાંધીનગર ચિલોડા માર્ગ પર મારૂતિનંદન હોટલ ચલાવે છે. આજે સવારે જનકભાઈ તેમની અલ્ટો ગાડી લઈને સે-૨૧ માર્કેટમાં ખરીદી કરવા ગયા હતા. ૧૧ વાગ્યે ગાડી બાપા સિતારામ મઢુલી પાસે પાર્ક કરીને ગયેલા જનકભાઈ ૨૦ મિનિટમાં ખરીદી કરીને પરત ગાડી પાસે પહોંત્યા ત્યાં સુધીમાં તેમની ગાડીનો કાચ તોડી અંદરથી રૂપિયા ભરેલા પર્સની ચોરી કરી ગઠીયો ફરાર થઈ ગયો હતો. સતત અવરજવર વાળા ભરચક વિસ્તારમાં ઘોળે દહાડે ગાડીના કાચ તોડીને ચોરી કરી લઈ ગઠીયાઓએ પોલીસને લપડાક લગાવી છે. ગાડીમાં પડેલા પર્સમાં રૂ. ૫ હજાર રોકડા પડયા હતાં. આ મામલે જનકભાઈએ સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પીએસઆઈ વી.આર. વસાવાએ ગુનો નોંધી સીસીટીવી તપાસણી શરુ કરીને તપાસ આરંભી છે.

ખેલ મહાકુંભના વિજેતા ખેલાડીઓને કોરુ પ્રમાણપત્ર એનાયત

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં વિવિધ રમતોને પ્રોત્સાહન મળે તે હેતુથી શરૂ કરાયેલ ખેલ મહાકુંભનો કાર્યક્રમ હવે જાણે એક ઔપચારિકતા બનીને રહી ગયો છે. તંત્ર દ્વારા તેમાં ગંભીર ક્ષતિઓ દાખવવામાં આવી રહી છે. ખેલ મહાકુંભ ૨૦૧૬માં વિજેતા રહેલા ખેલાડીઓને નામ વગરનું કોરુ પ્રમાણપત્ર પકડાવી દેવામાં આવી રહ્યું છે.

ખેલ મહાકુંભનો પ્રચાર ખુબ જ જોરશોરથી કરવામાં આવે છે. પરંતુ આ મહા ઉત્સાવમાં ખેલાડીઓને મળતી સુવિધા સહિતની વિવિધ બાબતો અંગે અવારનવાર ફરિયાદો ઉઠતી રહે છે. તંત્ર દ્વારા કેટલીક બાબતોમાં ગંભીર ક્ષતિઓ દાખવવામાં આવે છે. ખેલના આયોજનથી માંડીને પ્રમાણપત્ર આપવા સહિતની વિવિધ બાબતો પ્રત્યે તંત્ર દ્વારા માત્ર એક જવાબદારી પૂર્ણ કરવાની કામગીરી હોય તેવું વર્તન કરવામાં આવે છે. ખેલ મહાકુંભ ૨૦૧૬ અંતર્ગત કેટલીક સ્પર્ધાઓમાં વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા છે તે બદલ તેઓને રોકડ પુરસ્કાર પણ મનીઓર્ડર મારફતે મળી ગયો છે. જો કે જયારે આ ખેલાડીઓ દ્વારા પ્રમાણપત્રની માંગણી કરવામાં આવે તો તેઓને કોરુ પ્રમાણપત્ર પકડાવી દેવાય છે. ગુજરાત સરકારની મહત્વાકાંક્ષી તેમજ રમતગમતને પ્રોત્સાહન મળે તેવી આ સ્પર્ધામાં કોરા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવે તે ગંભીર પ્રકારના ગેરવહીવટનો નમૂનો છે. આ પ્રમાણપત્રમાં કોઈ પણ વ્યક્તિ પોતાનું નામ લખી તેનો દુરઉપયોગ કરી શકે તેવી પુરે પુરી શકયતાઓ છે.



રાધે-રાધે ગ્રુપ દ્વારા 'મા-બાપને ભુલશો નહીં' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના રાધે રાધે ગ્રુપ દ્વારા આગામી તા. ૨૫ જાન્યુઆરીને બુધવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે સે-૨૨ રંગમંચ ખાતે ટીવી કલાકાર અજયભાઈ બારોટના સ્વરે 'મા-બાપને ભુલશો નહીં' કાર્યક્રમ યોજાશે.

પંચદેવ મંદિર ખાતે ૨૫મીએ વિષ્ણુયાગ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

શ્રી રાધેશ્યામ ખાદી ટ્રસ્ટ સંચાલિત જન-સેવા સમિતિ ગાંધીનગર દ્વારા અમદાવાદ સિવિલ હોસ્પિટલ, કિડની વિભાગ ખાતે જરૂરતમંદ દર્દી તથા તેમના સ્વજનોને મફત ટિફીન સેવા છેલ્લા બે વર્ષથી દર રવિવારે પુરી પાડવામાં આવે છે. આ જનસેવા પ્રવૃત્તિને બે વર્ષ પૂર્ણ થતા શ્રી પંચેદવ મંદિર, સે-૨૨, ગાંધીનગર ખાતે તા. ૨૫-૧-૨૦૧૭ બુધવારના રોજ સવારે ૮ થી ૧ દરમિયાન 'શ્રી વિષ્ણુ યજ્ઞ' અને ઉત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ. પૂજય શ્રીમાન કુલશંકર શાસ્ત્રીજીના કર-કમલોથી યજ્ઞ ઉદઘાટન અને આશીર્વાદ આપશે તથા શ્રી અમિતભાઈ શેઠ, શ્રી પંચેદવ મંદિરના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અતિથિ વિશેષ પધારશે તથા નગરના અગ્રગણ્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યજ્ઞ સંપન્ન થશે.

ગાંધીનગર પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન સમારોહ તાજેતરમાં શહેરના ટાઉનહોલ ખાતે યોજાયો હતો. જેમાં સમાજના અગ્રણીઓ તથા જ્ઞાતિ બંધુઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત પૂજય અગ્નિ શીખાજીએ સમાજના ભાઈ-બહેનોને આશીર્વચન પાઠવ્યા હતા.

આમ આદમી પાર્ટીનું ૩૦ જાન્યુઆરીથી ગુજરાતમાં પોલીટીકલ કેમ્પેઈન

બુથયાત્રા કાર્યક્રમમાં રાજ્યના ૪૩ હજાર બુથ ઉપર બુથ ઈન્ચાર્જની નિયુક્તી

ગાંધીનગર, તા. ૨૩

આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતભરમાં 'બુથયાત્રા' કાર્યક્રમ ચાલી રહ્યો છે. હાલમાં ચાલી રહેલા આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના ૪૩ હજાર બુથ ઉપર બુથ ઈન્ચાર્જની નિયુક્તિ કરવામાં આવી છે. જ્યાં જ્યાં ઈન્ચાર્જની નિયુક્તિ થઈ ચુકી છે તે ઈન્ચાર્જની ખરાઈ થઈ રહી છે. ૩૦ જાન્યુઆરી સુધી બુથયાત્રા ચાલશે. ત્યારબાદ ગાંધી બલિદાન દિવસથી ૨૦૧૭ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓને પગલે 'પોલીટીકલ કેમ્પેઈન' લોન્ચ કરવામાં આવનાર છે.

ગુજરાતમાં આમ આદમી પુર્ણ શાસનને સ્થાપિત કરવા શરૂ થઈ રહેલા આ કેમ્પેઈનને સફળતા મળે તેવી પ્રાર્થના સાથે આમ આદમી પાર્ટી ગુજરાતના તમામ મુખ્ય પદાધિકારીઓ આવતીકાલે આસ્થાના પ્રતિક એવા કાગવડ ખાતે ખોડલ મંદિરે દર્શનાર્થે જશે. આવતીકાલે સવારે ૯ વાગે પાર્ટીના તમામ પદાધિકારીઓ રાજકોટ ખાતે એકત્રિત થશે જ્યાંથી ૧૦૦થી વધુ ગાડીઓનો કાફલો લઈ દર્શનાર્થે જશે તેવી આમ આદમી પાર્ટીના પ્રવકતાએ જણાવ્યુ છે.

જુના કપડાના સ્વિકાર કેન્દ્રનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલ ખાતે આવેલ મુકતાગૌરી ચેરીટેબલ ટ્રસ્ટ અને જુનિયર સીટીઝન કાઉન્સીલ દ્વારા જુના કપડાના સ્વિકાર કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શહેરમાં શિયાળાની કડકડતી ઠંડી પડી રહી છે. શહેરમાં ફુટપાથની આસપાસ રહેતા શ્રમિકો ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યા છે. તેવા પરિવારોને હુંફ પહોંચાડી શકાય તેના ભાગરુપે આ બંને ટ્રસ્ટ દ્વારા સેવાકીય પ્રવૃત્તિનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ઉપરાંત અન્ય જુના કપડા પણ આ બંનો કેન્દ્ર પર સ્વિકારવામાં આવશે. આ એકત્ર થયેલા કપડા આગામી દિવસોમાં શહેરના વિવિધ સ્થળો પર વિતરણ કરવામાં આવશે.

સેકટર-૭-ડીમાં રખડતા કૂતરાઓનો અસહ્ય ત્રાસ

ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડીના પ્રમુખશ્રી જયંતભાઈ જી. ભટ્ટને પણ કુતરાના ત્રાસનો ભોગ બનવું પડેલ છે. છેલ્લા ત્રણેક મહિનાથી સમગ્ર શહેરમાં તેમજ સેકટર-૭-ડીમાં કુતરાઓનો ત્રાસ ખુબ વધી ગયેલ છે. સેકટર-૭-ડીના આંતરિક માર્ગ પર કુતરાઓ અડીંગો જમાવી બેઠા હોયછે. નાના બાળકો પાછળ, સવારે સ્કુલે જતા બાળકો પાછળ કુતરાઓ પાછળ પડે છે. સ્કુટર સવાર, ગાડીઓ પાછળ કુતરા દોડે છે. તેનાથી સ્કુટર સ્લીપ થઈ જાય છે. રોજ નાના અકસ્માતો થાય છે. સે-૭-ડીના બગીચા પાસે, રીંગરોડ સે-૭ના ધોબીના ગલ્લા પાસે, કોમન પ્લોટો પર કુતરાઓનો ત્રાસ હોય છે. આ અંગે કમિશનરશ્રી તથા ઉચ્ચ સત્તાવાળાઓને ગાંધીનગર શહેરીજન સંસ્થાના પ્રમુખ શ્રી જયંતભાઈ જી. ભટ્ટે રજુઆત કરેલ છે.

રામ સેવા ટ્રસ્ટ દ્વારા પ્રજાસત્તાક દિને દેશભકિત ગાન સ્પર્ધા

ગાંધીનગર, તા.૨૩

રામ સેવા ટ્રસ્ટ સેકટર-૩-ડી દ્વારા પ્રજાસત્તાક દિને ૨૬મી જાન્યુઆરીએ દેશભકિત સ્પર્ધા યોજનાર છે. સ્પર્ધકોએ ભાગ લેવા માટે તા. ૨૫મી જાન્યુઆરી સુધીમાં નામ નોંધાવવા જે સ્પર્ધામાં ભાગ લેવાનો હોય તેની એન્ટ્રીમાં નામ નોંધાવવા રામ સેવા ટ્રસ્ટના ખજાનચી શ્રી આર.સી. પરમારનો સંપર્ક કરવા જણાવેલ છે. મો. ૯૭૨૩૮, ૩૩૦૫૭ ગાંધીનગર શહેરના સ્પર્ધકોને ભાગ લેવા આમંત્રણ આપેલ છે તેમ જાણીતા મહિલા અગ્રણી શ્રીમતી પ્રફુલ્લાબેન બાબુલાલ ભાવસારે જણાવેલ છે.

@ગાંધીનગર

● એલ.ડી.આર.પી. કોલેજ ખાતે સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન 'પત્રકારત્વનો ઈતિહાસ' વિષય પર સેમિનાર સે-૧૫ યુનિ. હોલ ખાતે યોજાશે.

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા આનંદનો ગરબો ડૉ. રમણભાઈ પટેલના દવાખાનાની બાજુમાં આનંદવાટીકા સોસાયટી, સે-૨૨ ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

સેકટર-૭-ડી તસ્કરો માટે સ્વર્ગ! એક મહિનામાં ચાર બનાવો બન્યા

ગાંધીનગર, તા.૨૩

સેકટર-૭-ડી તસ્કરો માટે સ્વર્ગ સમાન બનેલ છે. એક મહિનામાં ચાર બનાવો બનેલ છે. એક પણ ચોરી પકડાઈ નથી.

ચાર વર્ષ પહેલાં સેકટર-૭-ડીમાં ચોરીના ૩૬ બનાવ બનેલ હતા. પોલીસ ફરિયાદ થયલ લોક દરબારમાં રજુઆત થતાં બંદોબસ્ત કરાયો હતો. પરિણામે ચોરીઓ અટકી ગઈ હતી.

પરંતુ ફરીથી સે-૭-ડીમાં ચોરીઓનો ત્રાસ વધેલ છે. એક મહિનામાં ચાર બનાવો બનેલ છે. ત્રણ ચોરીઓ છેવાડાના મકાનમાં થઈ છે. પરંતુ બે દિવસ પહેલાં બગીચાની સામે મધ્યમાં આવેલ મકાનમાં ચોરી થતાં ચોરોને હવે ગમે ત્યાં બંધ મકાનને લક્ષ્ય બનાવવાનું ફાવી ગયું છે. બંધ મકાનની પોલીસને જાણ કરવા છતાં ભાજપ અગ્રણીને ત્યાં પંદર દિવસમાં બે વાર ચોરીનો બનાવ બનેલ હતો. પરંતુ પોલીસ કોઈ પ્રગતિ કરી શકી નથી.

પોલીસ બંદોબસ્ત વધેલ છે. રાત્રિ રોન શરૂ થઈ છે તેમ પોલીસ જણાવે છે. બીજી બાજુ ચોરીઓ ચાલુ રહેલ છે. શહેરીજનો ભયભીત બનેલ છે. સારા ખરાબ પ્રસંગે ઘર બંધ કરવાનું લોકો ટાળી રહ્યા છે. પોલીસ ચુસ્ત બંદોબસ્ત ગોઠવે તેવું શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

હોટલની તિજોરી સાફ કરી ફરાર થયેલ કારીગર ઝડપાયો

રણાસણ નજીકની મારૂતિનંદન હોટલમાંથી ચોરી કરી હતી : ચોરીની રૂ. ૧.૫૫ લાખની મત્તા સાથે રાજસ્થાનથી બે શખ્સોને પકડયા

ગાંધીનગર, તા.૨૩

ડભોડા નજીક આવેલા રણાસણ પાસે સ્થિત મારૂતિનંદન હોટલમાં થોડા સમય પહેલા ત્યાં જ કામ કરતા એક કારીગરે હાથફેરો કર્યો હતો. દોઢ લાખની મત્તા તિજોરીમાંથી ઉપાડી લઈ ફરાર થઈ ગયેલા કારીગર અને તેના સાગરીત બંનેને ગાંધીનગર એસઓજીની ટીમે રાજસ્થાનથી ઉઠાવી લીધા છે. ચોરીનો મુદ્દામાલ રીકવર કરી બંને આરોપીઓની ધરપકડ કરી ડભોડા પોલીસને સોંપવામાં આવતા ડભોડા પોલીસે વધુ તપાસ આરંભી છે.

મળતી મહિતી મુજબ રણાસણ સર્કલ નજીક આવેલી મારૂતિનંદન હોટલમાં રહીને ત્યાં જ કામ કરતો કારીગર નરેન્દ્ર હરિસિંહ રાવત હોટલમાંથી ચોરી કરી ભાગી ગયો હતો. ૨૦ જાન્યુઆરીએ રાત્રી દરમિયાન હટોલના સ્ટોરરુમમાં મુકેલી તિજોરી તોડી રકમ તથા સોનાની અડધા તોલાની વિંટી મળીને રૂ. ૧.૫૫ લાખની મત્તા ચોરી ભાગી ગયો હતો. ડભોડા પોલીસ મથકમાં નોંધાયેલા ગુનાની તપાસ તેજ કરવા એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે સુચના આપતા એસઓજી પી.આઈ. જે.ડી. પુરોહિતે તેમની ટીમને દોડતી કરી હતી. એએસઆઈ ગૌતમભાઈ, હે.કો. કલ્પેશકુમાર, પો.કો. લાલુમીયા, દિગ્વિજયસિંહ, વિષ્ણુભાઈએ મળીને નરેન્દ્ર રાવતના મુળ વતન રાજસ્થાન અજમેરના બામન હેડા ગામમાં સર્ચ કર્યું હતું અને ત્યાંથી નરેન્દ્રને તથા તેને મદદગારી કરનાર શંકર લાલસિંહ રાવતને દબોચી લીધો હતો. બંનેની ધરપકડ કરી લઈ રૂ. ૪૦,૨૦૦ રોકડ તથા સોનાની વીંટી જે હોટલમાંથી ચોરી કરી હતી તે મુદ્દામાલ રીકવર કરી લઈ આરોપીઓને ડભોડા પોલીસને સોંપવામાં આવ્યા છે.

ગૂંજ ફાઉન્ડેશને પાણીપુરી વિક્રેતાઓને હેન્ડગ્લોવ્ઝનું વિતરણ કર્યું

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં ગૂંજ ફાઉન્ડેશને સેકટર-૨૪ વિસ્તારમાં સ્વચ્છતા અને સ્વસ્થતા સંદર્ભે પાણીપુરીની લારી-ખૂમચાવાળાઓને રવિવારે સાંજે નિઃશુલ્ક હેન્ડગ્લોવ્ઝ વિતરણનું કાર્ય હાથ ધર્યું હતું. શહેરના નાગરિકોના સ્વાસ્થ્ય અંગે ખતરારૂપ બિન સલામત ખોરાક અંગે જાગૃતિ લાવવા ગૂંજ ફાઉન્ડેશન દ્વારા આ વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

શહેરમાં લારી-ખૂમચાઓ પર ચાલતા ખાણી-પીણીના વેપારમાં સ્વચ્છતા તથા હાઈજીન બાબતે સેવવામાં આવતી બેદરકારી નગરજનોના સ્વાસ્થ્ય પર ગંભીર ખતરા સમાન છે. આ બાબતને ધ્યાનમાં રાખીને શહેરના યુવાનો દ્વારા ચલાવાતી સેવાભાવી સંસ્થા ગૂંજ ફાઉન્ડેશન દ્વારા પાણીપુરીની લારી-ખૂમચાવાળાઓને પ્લાસ્ટિકના ડિસ્પોઝેબલ હેન્ડગ્લોવ્ઝનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત રવિવારે સાંજે સંસ્થાના યુવા સભ્યોએ સે-૨૪ના મુખ્ય બજારમાં પાણીપુરીના લારી તથા ખૂમચાવાળાઓને નિઃશુલ્ક હેન્ડ ગ્લોવ્ઝનું વિતરણ કર્યું હતું. આ સાથે તેમણે આ વેપારીઓને અસલામત રીતે ખાદ્યપદાર્થોનું વિતરણ કરવાથી થતા આરોગ્ય સામેના ખતરાઓ અંગે માહિતગાર કરી હેન્ડગ્લોવ્ઝનો ઉપયોગ કરવાનું મહત્વ પણ સમજાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગૂંજ ફાઉન્ડેશન શહેરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે અને અગાઉ ગાંધીનગરના સે-૧૬ તથા સે-૨૧ના કોમર્શિયલ વિસ્તારોમાં પાણીપુરીના વિક્રેતાઓને હેન્ડગ્લોવ્ઝનું વિતરણ કર્યું હતું.

અવસાન નોંધ

આપ પાર્ટીના અગ્રણી આગેવાન જશવંતરાય વી. ભટ્ટના ધર્મપત્ની સ્વ. રંજનબાળા જે. ભટ્ટ (ઉ.વ. ૫૬)નું દુઃખદ અનવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તા. ૨૪ જાન્યુઆરીના મંગળવારના રોજ સાંજના ૫ થી ૬ કલાક દરમિયાન ડી-૧૦૧ આવાસ રીવર ફ્રન્ટ ઘોળેશ્વર મહાદેવ ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે.

ચિરવિદાય

- સ્વ. બાદરજી સોનાજી ઠાકોર, ઉ.વ. ૪૦
- સ્વ. ભારતીબેન હરેશભાઈ દરજી, ઉ.વ. ૬૩
- સ્વ. નાગજીભાઈ મહાદેવભાઈ દેસાઈ, ઉ.વ. ૭૫
- સ્વ. માધવલાલ શકરાલાલ રાણા, ઉ.વ. ૮૩